# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ટ્રાફિક વ્યવસ્થા ચિંથરે હાલ

## ૪૦૦ ટી.આર.બી. જવાનો હવે ભારરૂપ : સર્કલ ઉપર બપોર થતાંની સાથે જવાનો અદ્રશ્ય

બૃહદ સાબરકાંઠા જિલ્લામાં ખાખી વર્દીને ટ્રાફીક સમસ્યા હળવી કરવા ૪૦૦



ટી.આર.બી. જવાનોનો સાથ મળ્યો છે પરંતુ તેમ છતાં કામગીરી સુધરવાના બદલે વધુ જટીલ બની ગઈ છે. ચાર રસ્તા અને સર્કલો ઉપર તેમની ફરજ હોય છે પરંતુ બપોર થતાં જ જવાનો અદ્રશ્ય થઈ જાય છે. કહેવાય છે કે કેટલાક ટી.આર.બી. જવાનો સ્થાનિક પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. અને રાઈટરના ખાસ થઈ ગયા છે અને દર મહિને ખાનગી વાહન ચાલકો પાસેથી તેઓ ખુશ થઈ જાય તેવી કામગીરી કરતા હોવાથી કોઈ જ પગલાં ભરાતાં નથી.

જિલ્લાના મોડાસા, હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, ભિલોડા સહિતના વિસ્તારોમાં ટ્રાફીક સમસ્યા માથાના દુઃખાવારૂપ બની ગઈ છે. અત્યારે શૈક્ષણિક સંસ્થાઓ બંધ હોવાથી ખાડે ગયેલી ટ્રાફીક વ્યવસ્થા દેખાતી નથી પરંતુ તેમ છતાં અનેક વિસ્તારોમાં ટ્રાફીક વ્યવસ્થાનું યોગ્ય નિયમન થતું ન હોવાનું દેખાઈ રહ્યું છે. દોઢ વર્ષ અગાઉ ટ્રાફીક વ્યવસ્થા સુદ્રઢ કરવા વાહન ટોઈંગ કરવા માટે ડ્રાઈવ કરવામાં આવતી હતી તે માત્ર એકાદ-દોઢ મહિના સુધી દેખાડો રહ્યો. પોલીસ વડા બદલાયા એટલે બધું જ બદલાઈ જાય તેવું ચિત્ર ઉપસ્યું છે. જિલ્લામાં પોલીસ સ્ટાફની અછતને ધ્યાને રાખી ટી.આર.બી. જવાનોની નિયુક્તિ કરવામાં આવી હતી પરંતુ તેમની કામગીરીનું આંકલન થાય છે ખરૂં..?? સવારે આવ્યા પછી કેટલાય ટી.આર.બી. જવાનો ચા



ની કીટલી એ કે પછી છાંયડો શોધીને ગોઠવાઈ જાય છે. ચાર રસ્તા ઉપર કે પછી સર્કલ ઉપર ટ્રાફીક જામ થાય તો પણ શરમ આવતી હોય તે રીતે ટ્રાફીક નિયમન કરતા નથી. જિલ્લા પોલીસ વડાઓને દારૂનાં હાટડાં કે જુગારધામ ન દેખાય એ તો સમજ્યા પરંતુ તેમની કચેરી દ્વારા નિયુક્ત કરાયેલા ટી.આર.બી. જવાનો યોગ્ય રીતે કામગીરી કરે છે કે કેમ..?? તે પણ જોઈ શકતા નથી. કેટલાક ટી.આર.બી. જવાનો તો બપોર થતાં અદ્રશ્ય થઈ જાય છે અને બીજા દિવસે જોવા મળે તો સ્થાનિક વેપારીઓનું કિસ્મત.

### ટ્રાફિક સલાહકાર સમિતિ માત્ર દેખાડા પૂરતી

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકાર દ્વારા ટ્રાફીક સલાહકાર સમિતિની નિયુક્તિ કરવામાં આવી છે. દર ૩ મહિને તેની બેઠક બોલાવવામાં આવે છે તેમાં ટ્રાફીકને લગતા પ્રશ્નો રજૂ થતા હોય છે પરંતુ પોલીસ વડા કે વહીવટી તંત્ર ગંભીરતાથી લેતું નથી. હા..હા કરીને મીટીંગ પૂરી કરી દેવામાં આવે છે એક રીતે બંન્ને જિલ્લામાં નિયુક્ત કરેલી ટ્રાફીક સલાહકાર સમિતિ માત્ર શોભાના ગાંઠીયારૂપ હોય તેવું ચિત્ર છેલ્લા ૨ વર્ષથી ઉપસી રહ્યું છે.

# હિંમતનગર, બાયડ, ભિલોડા સહિતના શહેરી વિસ્તારોમાં બજારો સજ્જડ બંધ

## વેપારીઓ પણ કોરોનાને હરાવવા તંત્રની મદદે, ચા ની કીટલીઓ પણ બંધ રહી







બાયડ / હિંમતનગર / ભિલોડા, તા.૧૭

કોરોના વકરતાં જિલ્લાના અનેક વિસ્તારના વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનનો નિર્ણય કરી કોરોનાને હરાવવા તંત્રની મદદે આવ્યા છે. શનિવારે હિંમતનગર, બાયડ, ભિલોડા સહિતના શહેરી વિસ્તારોમાં બજારો સવારથી સજ્જડ બંધ રહ્યા હતા. ચા ની કીટલીઓ પણ બંધ રહી હતી. શનિવારે મોટાભાગના બજારો સજ્જડ બંધ રહેતાં રવિવાર અને કરફ્યું હોય તેવો માહોલ જોવા મળ્યો.

કોરોનાના ફુંફાડા પછી પ્રજા અને વેપારીઓને શું કરવાનું છે તેની બહું સલાહ તંત્રને આપવી પડતી નથી તેમાંય પાછલા ૪ દિવસમાં સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોના ૨૦ થી વધુ લોકોને ભરખી ગયો છે. ભલે સરકારી દફતર ઉપર સાચો આંકડો આવ્યો ન હોય પરંતુ સ્થાનિક વેપારીઓને ખબર છે કે કોણ કોરોનાથી મૃત્યુ પામ્યું, કોનું



મૃત્યુ કુદરતી રીતે થયું..વકરતી કોરોનાની સ્થિતિને અંકુશમાં લેવા સ્થાનિક વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગ દિવસ-રાત કામ કરી રહ્યું છે ત્યારે સૌ પ્રથમ બાયડ ત્યારબાદ ભિલોડા, મોડાસા, તલોદ, હિંમતનગર, ઈડર, વિજયનગર સહિતના વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉન શનિ-રવિ અને ત્યારબાદ આંશિક લૉકડાઉનનો નિર્ણય લીધો હતો અને વહીવટી તંત્રએ વેપારીઓના નિર્ણયને વધાવ્યો છે. બાયડમાં શનિવારે તમામ ધંધા-રોજગાર સજ્જડ બંધ રહ્યા હતા. કોરોનાના કારણે સ્વયંભૂ લૉકડાઉનથી જિલ્લાના વેપારીઓને દૈનિક કરોડોના ધંધા-રોજગારને અસર થઈ રહી છે પરંતુ કોરોનાથી પ્રજાનો જીવ બચતો હોય તો વેપારીઓ પણ ગમે તેટલી ખોટ કરવા તૈયાર હોય તેવો પોઝિટિવ મેસેજ સમગ્ર જિલ્લાની પ્રજાને ધંધા-રોજગાર સજ્જડ બંધ રાખીને આપ્યો છે.

### ૫૫ વર્ષ પછી મળેલ પાકા રોડની સુવિધા

# કોન્ટ્રાકટરની ઢીલી નીતિથી ૮ મહિનાથી રસ્તો ખોદી રોડ નહિ બનાવતા રસ્તો પણ છીનવાયો

### હનુમાન મોરી ગામના લોકો ત્રસ્ત

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાકરિયા ગામના પેટાપરા હનુમાનમોરી ગામના લોકોને માટે રસ્તા અને મુશ્કેલી એકબીજા ના પરિયાય બન્યા હોય એમ પેટાપરા વસવાટ ને ૫૫



વર્ષ કરતા વધુ વર્ષ વિતવા છતાં રસ્તાની માંગણી અને ત્યાર બાદ રસ્તો મંજુર થયાને ૮ માસ જેટલો સમય વિતવા છતાં કોન્ટ્રાક્ટર ની આડોડાઈ ના કારણે રસ્તાનું કામ સ્થગિત કરી દેતા કામપૂર્ણ ન થતા લોકો રોષ જોવા મળી રહ્યો છે..મોટી મોટી મેટલ રસ્તા પર નાખતા લોકો ૮ માસથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

મોડાસા ના સાકરીયા ગામના પેટાપરા હનુમાનમોરી ગામ ના લોકો...કે જેમના માટે આંદોલન અને માંગણીઓ સહજ બની ગઈ છે. કેમ કે વિકાસ ની હરણફાળ માં આ ગામના લોકોની



વ્યથા ને તંત્ર અને કોન્ટ્રાક્ટર નેવે મુકવામાં કાઈ બાકી નથી રાખ્યું.. વાત જાણે એમ છે કે મેશ્વો જલાગાર ડૂબ વિસ્તારના અસર ગ્રસ્તોએ સાકરીયા નજીક પુનઃ વસવાટ કરી હનુમાનમોરી ગામ વસાવ્યું હતું. સરકાર દ્વારા વસાવાયેલા આ ગ્રામજનોને વસવાટના ૫૫ થી વધુ વર્ષે પસાર થઈ ગયા છે..પણ રોડ જેવી પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ત નહી થતાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા..અનેક રજૂઆતો અને માંગણીઓ બાદ આઠ માસ પહેલા ધારાસભ્ય ની ગ્રાન્ટ માંથી ૯૦૦ મીટર નો રસ્તો મંજુર કરવામાં આવ્યો હતો..ટેન્ડરિંગ બાદ કોન્ટ્રાક્ટર ને કામ પણ આપી દેવામાં આવ્યું હતું..પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તા પર મોટી મોટી મેટલ પથારી કામ બંધ કરી દેતા લોકો ની મુશ્કેલી માં વધારો થયો છે..ગામ લોકો દ્વારા કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ ને અનેક રજૂઆતો કરવા છતાં રસ્તા ના બંધ પડેલા કામ ને શરૂ કરવામાં આવ્યું નથી જેથી લોકો રોષે ભરાયા છે..અગાઉ રસ્તો મંજુર કરાવવા માટે અનેક રજૂઆતો કરવી પડી હતી રોડ મંજુર કરાવવા માટે ગામ લોકો એ ચૂંટણી બહિષ્કાર કરવા સુધી ની ચીમકી ઉચ્ચારી હતી..ત્યારે રોડ મંજુર થયાંના ૮ માસ બાદ પણ રસ્તા ની સુવિધા ન મળતા ગામ લોકો સાથે ઓરમાયું વર્તન કરવામાં આવતું હોય તેવું લાગી રહ્યું છે..આ મામલે ગામ લોકો એ કોન્ટ્રાક્ટર ને રજુઆત કરતા કોન્ટ્રાક્ટર દ્વારા પણ ઉદ્ધતાઈ ભર્યો જવાબ આપવામાં આવતો હોવાનું ગામલોકો જણાવી રહ્યા છે.

### હનુમાન મોરી ગામના અગ્રણી મનહરભાઈ રોડ વગર કેવી તકલીફોનો સામનો કરવો પડે છે ગામલોકોને તે વાંચો

મોડાસા થી ૫ કિલોમીટર ના અંતરે આવેલું આ ગામમાં જવાના રસ્તા પર એટલી મોટી મેટલ નાખવામાં આવી છે કે બાઈક ચાલકો અવારનવાર આ રસ્તા પર પડી જતા હોય છે.બે ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા ના પણ કિસ્સાઓ સામે આવ્યા છે તો સાથે જ બાળકો શાળાએ જઈ નથી શકતા, દૂધ ભરાવવા જતા લોકો ના દૂધ પણ આ ખરાબ રસ્તા ના કારણે ઢોળાઈ જવાના બનાવો બનતા રહે છે. સૌથી અગત્ય ની બાબત એ છે કે ૧૦૮ ઈમરજન્સી વાન કે અન્ય કોઈ વાહન આવી શકતું નથી.ત્યારે કલેક્ટર અને અન્ય અધિકારીઓ સુધી અનેક રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર ઉકેલ ન આવતા ગ્રામજનો ફરીથી કલેક્ટર ને આવેદનપત્ર આપી કોન્ટ્રાક્ટર વિરુદ્ધ નોટિસ આપી ઝડપથી કામ પૂર્ણ થાય તેવી માંગ કરવા મજબૂર બન્યા છે...જો રોડ નું કામ ઝડપથી શરૂ કરી ચોમાસા પહેલા પૂર્ણ કરવામાં આવે તેવી લોકો ની માંગ છે..ત્યારે જોવાનું એ રહ્યું કે લોક વસવાટ ને ૫૫ વર્ષ થી રોડ જેવી પ્રાથમિક સુવિધા માટે વલખા મારતાં ગામલોકોને તંત્ર વિકાસ ની સાચી પરિભાસા ક્યારે બતાવશે.

# કોરોના મહામારી : ઉત્તર ગુજરાતમાં સરકાર દ્વારા લેવાયેલ માસ પ્રમોશનનો નિર્ણય ઉતાવળીયો, સ્વનિર્ભર શાળા સંચાલકો

## માસ પ્રમોશનથી વિદ્યાર્થીઓની કારકીર્દી ઉપર માઠી અસરની સંભાવના

બાયડ તા.૧૭

કોરોનાના કારણે સ્વનિર્ભર શાળા સંચાલકો રોડ ઉપર આવી જાય તેવી સ્થિતિ છે. કોરોનામાં જીવની પરવા કર્યા વગર સ્વનિર્ભર શાળાઓ અને સરકારી શાળાઓમાં આખું વર્ષ ઓનલાઈન શિક્ષણ ચાલ્યું પરંતુ તાજેતરમાં સરકારે કોરોનાની વકરતી સ્થિતિને ધ્યાને રાખી ધો.૧ થી ૯ અને ૧૧માં માસ પ્રમોશનનો નિર્ણય લેતાં ગુજરાત રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના સ્વનિર્ભર શાળા સંચાલકોએ માસ પ્રમોશનનો નિર્ણય સરકારનો ઉતાવળીયો નિર્ણય હોવાનું જણાવ્યું છે. માસ પ્રમોશનથી વિદ્યાર્થીઓની કારકીર્દી અને મૂલ્યાંકન ઉપર માઠી અસર પહોંચવાની પૂરેપૂરી સંભાવના છે.

કોરોના કરતાં પણ ગંભીર બિમારીઓએ રાજ્યને ભૂતકાળમાં હચમચાવ્યું છે ત્યારે કોરોનાના વકરતા ગ્રહણના કારણે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગે બીજા વર્ષે ધો.૧ થી ૯ માં માસ પ્રમોશન જાહેર કરતાં ભલે વિદ્યાર્થી-વાલીને આ નિર્ણય ગમ્યો હોય પરંતુ સ્વનિર્ભર શાળા સંચાલકોએ સરકારના આ નિર્ણયને અયોગ્ય ગણાવ્યો છે. સરકાર પાસે કોરોના સામે લડવાની રણનીતિ નથી. આ સ્થિતિ વચ્ચે પરીક્ષાઓ ટાળવાનો પ્રયાસ થયો છે. તાજેતરમાં ગુજરાત સરકારની કેબિનેટ બેઠકમાં ધો.૧ થી ૯ માં માસ પ્રમોશન આપવાની જાહેરાત થઈ જેથી શિક્ષણ આલમમાં સરકારના આ નિર્ણય સામે અંદરખાને ખિન્નતા જોવા મળી. આખું વર્ષ શાળાઓ બંધ રહી મોટાભાગે પરોક્ષ શિક્ષણના ભાગરૂપે ઓનલાઈન વર્ગો ચલાવવામાં આવ્યા. વિદ્યાર્થીઓને પરીક્ષા માટે સજ્જ કરવામાં આવ્યા તો પછી માસ પ્રમોશનનો નિર્ણય કેમ..?? સરકારે ધાર્યું હોત તો ઓનલાઈન પરીક્ષા લઈને વિદ્યાર્થીઓ મનોબળને વધુ મજબૂત બનાવ્યું હોય પરંતુ આ કિસ્સામાં આવું બન્યું નથી. સતત બીજીવાર માસ પ્રમોશનના નિર્ણયથી વિદ્યાર્થીઓના સ્વમૂલ્યાંકન ઉપર અત્યંત વિપરીત અસર પડી શકે છે તેવો મત સ્વનિર્ભર શાળા સંચાલકોએ વ્યક્ત કર્યો છે.

### માસ પ્રમોશનના કારણે વાલીઓ ફી નહીં ભરે : સંચાલકોની મુશ્કેલી વધી

ગત વર્ષે પણ માસ પ્રમોશન અને આ વર્ષે પણ કોરોનાના કારણે માસ પ્રમોશન આપવાની જાહેરાતથી પાછલા ૨ વર્ષથી સ્વનિર્ભર શાળા સંચાલકોને વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવાનાં ફાંફાં પડી રહ્યાં છે અનેક સ્વનિર્ભર શાળા સંચાલકો ફી નહીં આવવાના કારણે પાયમાલ થઈ ગયા છે. કેટલાકે તો ખાનગી ફાઈનાન્સમાંથી લાખોની લોન લઈ કર્મચારીઓના નિયમિત પગાર ચૂક્યા છે. ત્યારે સરકારના માસ પ્રમોશનના નિર્ણયથી અનેક સ્વનિર્ભર શાળા સંચાલકો વધુ પાયમાલ થઈ શકે છે.

### પ્રમોશનનો નિર્ણય ઘાતક સાબિત થશે..

બાયડ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના કેટલાક સભ્યોએ જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા માસ પ્રમોશન અંગે લેવાયેલો નિર્ણય શિક્ષણ માટે ઘાતક સાબિત થઈ શકે છે. સી.બી.એસ.ઈ. બોર્ડની જેમ શાળાઓ દ્વારા લેવાયેલા ઈન્ટરનલ પરીક્ષાઓના મૂલ્યાંકનના આધારે ઉપલા વર્ગમાં પ્રમોશન આપવાનો ફેરફાર મુખ્ય મંત્રી, શિક્ષણ મંત્રી અને શિક્ષણ વિભાગના સચિવે કરવો જોઈએ.

# ઉત્તર ગુજરાતમાં ૧૧ હજારને ક્વોરન્ટાઈન કરાયા, અનેકને ઓક્સિજનની જરૂરીયાત

## મૃત્યુના આંકડા તો છૂપાવ્યા પરંતુ ક્વોરન્ટાઈનના આંકડા પણ સત્યથી વેગડા

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૭

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં જાણવા મળ્યા મુજબ ૧૧,૪૪૨ લોકો હોમ ક્વોરન્ટાઈન છે તે પૈકી અનેકને આજે પણ ઓક્સિજનની જરૂરીયાત છે અને આપવો પડે છે તંત્ર મૃત્યુના આંકડા તો છૂપાવ્યા પરંતુ ક્વોરન્ટાઈનના આંકડા પણ સત્યથી અનેક ગણા વેગડા છે. અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૮૬ લોકો ક્વોરન્ટાઈન હોવાનું જણાવ્યું છે પરંતુ બાયડની ૪ સોસાયટીઓમાં જ ૧૦૦ થી વધુ લોકો હોમ ક્વોરન્ટાઈન હોવાની વિગતો છે.

આરોગ્ય વિભાગ દ્વારા ટેસ્ટીંગ વધાર્યાના દાવા વચ્ચે છેલ્લા ૨ દિવસથી રેપિડ ટેસ્ટ કીટ ખૂટી પડતાં તંત્રની અણઆવડત સામે નારાજગી જોવા મળી છે. એકમાત્ર ગાંધીનગર સમાચાર દ્વારા ૪ દિવસ અગાઉ જણાવવામાં આવ્યું હતું કે જિલ્લામાં માત્ર રેપિડ ટેસ્ટની ૧૫૦૦ કીટ છે અને આવતી કાલથી રેપિડ કીટ ખૂટી પડશે. અહેવાલ સચોટ ઠર્યા છે બાયડ, મોડાસા, ભિલોડા સહિતના અનેક વિસ્તારોમાં રેપિડ ટેસ્ટ ખૂટી પડતાં ટેસ્ટ કરવા માટે ગયેલા લોકોને પાછા ફરવાની નોબત આવી હતી.

જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દી નોંધાય એટલે તંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવે છે. પાછલા ૨ દિવસમાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં અરવલ્લીમાં ઉછાળો આવ્યો છે. ઉત્તર ગુજરાતમાં પણ આવી સ્થિતિ છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનનો અમલ કરી પ્રજા ખરીદી માટે બજારમાં ન આવે અને કોરોનાની ચેન તૂટી તેવા પ્રયાસ છતાં કોરોનાનું સંક્રમણ ઘટવાના બદલે સતત વધી રહ્યું છે. હોસ્પિટલોમાં ઓક્સિજનની માંગમાં ઉછાળો આવ્યો છે. અનેક હોસ્પિટલોમાં ઓક્સિજન ખૂટી જતાં દર્દીઓ ભગવાન ભરોસે થઈ ગયા હતા. ત્યારે ઉત્તર ગુજરાતમાં આરોગ્ય વિભાગ દ્વારા ૫ જિલ્લામાં ૧૧,૪૪૨ લોકો હોમ ક્વોરન્ટાઈન હોવાના આંકડા જાહેર કર્યા છે. ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં કોરોનાથી મૃત્યુ દર ઉંચકાયાની વિગતો છે છતાં સરકારી દફતર ઉપર મૃત્યુ આંકમાં કોઈ મોટો ઉછાળો જોવા મળ્યો નથી. લાગે છે કે તંત્રને હવે મોતની કિંમત પણ રહી નથી.

### જન્મદિને વધામણી



આર્વિ ચિરાગભાઈ પટેલ
બાયડગામ



મેશ્વા પ્રિતેશકુમાર પટેલ
ચોઈલા, તા.બાયડ



માન્યા પ્રિતેશકુમાર પટેલ
ચોઈલા, તા.બાયડ




સચિન જે. શાહ(પત્રકાર)
સાઠંબા, તા.બાયડ



નેહાબેન એચ. પટેલ
(પૂર્વ પ્રમુખ : અરવલ્લી જિલ્લા પંચાયત)
રડોદરા, તા.બાયડ

### દુઃખદ અવસાન

બાયડની શિવાલીક ગ્રીન્સમાં રહેતા (માધવકંપા વાળા) નરેશભાઈ શિવાભાઈ લીંબાણીના



માતા કમળાબેન લીંબાણીનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે માત્ર ટેલિફોનિક બેસણું રાખેલ છે. સબંધીઓ, શુભેચ્છકો અને મિત્રોએ સદ્‌ગતના આત્માની શાંતિ માટે પોતાના ઘરે પ્રાર્થના કરવી.